# હિંમતનગરમાં ધોળે દિવસે મહિલાના ગળામાંથી સોનાના દોરાની તડફંચી

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના ઉમાશંકર રેલવે ઓવર બ્રીજ પરથી સોમવારના રોજ ધોળે દિવસે ત્રણ અજાણ્યા ઈસમો મોટર સાયકલ પર આવી ચાલુ બાઈકે મહિલાના ગળામાંથી સોનાનો દોરો તોડી નાસી ગયા હતા. આ અંગે મહિલાએ હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરી હતી.

વિગત અનુસાર ઈડર તાલુકાના સુંદરપુર ગામના કનુભાઈ નર્મદાશંકર નાયી તેમની પત્ની પારુલબેન અને એક સંતાન સાથે પોતાની બાઈક નંબર જીજે-૯-એએસ-૬૦૬૧ પર સોમવારના બપોરના સુમારે મોતીપુરાથી હિંમતનગર બસ સ્ટેન્ડ તરફ આવી રહ્યા હતા. દરમિયાન ૨.૩૦ વાગેના સુમારે ઉમાશંકર રેલવે ઓવરબ્રીજ પર ચડી રહ્યા હતા ત્યારે અચાનક તેમની બાજુમાં એક પલ્સર બાઈક પર ત્રણ અજાણ્યા ઈસમો બાજુમાં એકદમ આવી ગયા હતા અને ચાલુ બાઈક પર જ પારૂલબેનના ગળામાંથી સોનાનો દોઢ તોલાનો દોરો કિંમત રૂ. ૪૫૦૦૦ નો તોડી નાસી ગયેલ જ્યારે પારૂલબેન દોરો ખેંચાતા બાઈક પરથી નીચે પડી જતા રોડ પર પટકાયા હતા. મહિલાએ બુમાબુમ કરી હતી પરંતુ ત્રણે અજાણ્યા નાસી ગયા હતા. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે પારૂલબેનના પતિ કનુભાઈ નાયીએ જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે દિવાળી પહેલા પણ દોરાની તડફંચીના બે બનાવ બન્યા હોવાનું જાણવા મળેલ છે. આમ અત્યાર સુધીમાં થોડાક દિવસના અંતરે ત્રણ બનાવો બન્યા હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. પણ આ બાબતે પોલીસ તદ્દન નિષ્ક્રિય રહી છે જે બનાવો બની રહ્યા છે તે પરથી લાગી રહ્યું છે.



**ડીસામાં બટાટાના વેવેતરના શ્રીગણેશ થયા**

એશિયાભરમાં બટાટાના ઉત્પાદન માટે જાણીતા ડીસા પંથકમાં બટાટાનું વાવેતર ખેડુતોએ શરુ કરી દીધું છે. ખેડુતોએ લાભ પાંચમના દિવસે પૂજા અર્ચના કર્યા બાદ વિધીવત રીતે બટાટાનું વાવેતર શરુ કર્યું છે. બટાટાને ઠંડીની મૌસમ અનુકુળ હોવાથી જો ઠંડી સારા પ્રમાણમાં પડે તો ખેતરોમાં બટાટાના ઢગલા થાય તેવી આશા બાંધીને ખેડૂતો બેઠા છે. ડીસાના ખેડુત રમેશભાઈ લોધાએ જણાવ્યું કે તહેવારો બાદ ઠંડીની મોસમ જામી રહી છે. જે બટાટાના વાવેતર માટે સાનુકુળ હોવાથી ખેડુતોએ વાવેતર માટે શ્રી ગણેશ કરી દીધા છે. (તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)



પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૧૩ મી જન્મ જયંતિ નિમિત્તે આજરોજ ડીસા હાઈવે પર આવેલ જલારામ બાપાના મંદિરને રોશનીથી ઝગમગતુ કરવામાં આવ્યુ છે. જલારામ મંદિર ખાતે આજરોજ દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી. (તસ્વીર-કાન્તિલાલ લોધા)

## હિંમતનગરમાં તસ્કરોએ તળખળાટ મચાવ્યો

# મહાવીરનગરમાં બંધ મકાનનું તાળું તોડી ૪ કિલો ચાંદીના વાસણો ને ૧૫ હજારની ચોરી

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગરમાં રવિવારે રાત્રે તસ્કરોએ મહાવીરનગર વિસ્તારમાં આવેલા એક બંધ મકાનનું તાળુ તોડી ૪ કિલોગ્રામ ચાંદીના વાસણો અને રૂ. ૧૫ હજાર રોકડાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. શહેરમાં ગુન્હાખોરીનો ગ્રાફ દિવસે દિવસે ઉંચકાઈ રહ્યો છે. જે શહેરીજનો માટે ચિંતાનો વિષય છે. પોલીસની નબળી કામગીરી સામે વ્યાપક રોષ પ્રવર્તિ રહ્યો છે. ચોરીના બનાવ અંગે પ્રાપ્ત થયેલ વિગત અનુસાર હિંમતનગરના મહાવીરનગરમાં આવેલા પેલેસરોડ ઉપરના એક મકાનને તસ્કરોએ નિશાન બનાવી બંધ મકાનના પાછળના ભાગે આવેલ લોખંડની ઝાળીનું તાળુ તેમજ કાચ તોડી મકાનમાંથી ૪ કિલો ચાંદીના વાસણો તેમજ રૂ. ૧૫ હજાર ચોરી ગયા છે. મકાનમાલિક કેતનકુમાર ભોગીલાલ દોશી દિવાળી વેકેશનમાં પરિવાર સાથે બહારગામ ગયા હતા. જેમાં ગેરલાભ ઉઠાવી તસ્કરોએ તેમના મકાનનું તાળુ તોડી હાથફેરો કરી ચાંદીના વાસણો અને રોકડ મળી રૂ. ૧.૩૦ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

બનાવની જાણ થતાં ટાઉન પી.આઈ. જે.એમ. આલ પોલીસ કુમુક સાથે ઘટનાસ્થળે પહોચી ચોરોનું પગેરૂ મેળવવા તપાસ હાથ ધરી છે. ત્યારે એક કડવું સત્ય એ પણ છે કે શહેરમાં રોજબરોજ નાની મોટી ઘરફોડ અને વાહન ચોરીઓના બનાવો બની રહ્યા છે. પરંતુ એક પણ ચોરીનો ભેદ ટાઉનપોલીસ ઉકેલી શકી નથી. ક્યારેક કોઈ બનાવમાં ચોરીનો આરોપી પકડાય છે. તેના ઉપર કેટલીક ચોરીઓ ઓઢાડી દેવામાં આવે છે. પરંતુ હજુ સુધી કોઈને ચોરાયેલ મુદ્દામાલ પરત મળ્યો હોય તેવું સાભળ્યું નથી...!



# યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમિયાન પરીક્ષા કેન્દ્રો પર કલમ ૧૪૪ લાગુ કરાઈ

મહેસાણા, તા. ૧૯


હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ શાંતિ અને સરળતાથી યોજાય તે માટે આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે, પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થી શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈ પણ જાતની ગેરરીતિ કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષા આપી શકે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એમ.એન. ગઢવીએ પરીક્ષા કેન્દ્રોના ૨૦૦ મીટરના વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરી છે.

૨૨ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન આ કલમ લાગુ કરવામાં આવેલા વિસ્તારોમાં મહેસાણાના મ્યુનિસિપલ આર્ટસ અને અર્બન સાયન્સ કોલેજ, મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કોલેજ, વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, એસ.એમ. શાહ લૉ કોલેજ, સાર્વજનિક ફાર્મસી કોલેજ, નુતન ડેન્ટલ કોલેજ વિસનગર અને શેઠ વી.એસ. લૉ કોલેજ ઉંઝાની કોલેજનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ઝેરોક્ષ મશીનો બંધ રાખવા, અનઅધિકૃત વ્યક્તિઓ મોબાઈલ ફોન કે પેજર લઈ શકશે નહી. આ હૂકમનો ભંગ કરનાર સામે ફોજદારી અધિનિયમ કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે. તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એમ.એન. ગઢવીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# આજે ડીસા ખાતે જલારામ જન્મ જયંતિની ઉજવણી થશે

ડીસા, તા.૧૯



ડીસા શહેરમાં જય જલારામ ટ્રસ્ટ અને જલારામ સેવા મંડળ દ્વારા જલારામ બાપાની ૨૧૩મી જન્મજયંતિ નિમિત્તે વિવિધ આયોજન હાથ ધરાયા છે.

જેમાં સોમવારે બપોરે ૧૨ કલાકે જલારામ યુવા સંગઠન દ્વારા બાઈક રેલી યોજી જાહેર જનતાને આમંત્રણ અપાયું હતું.

બપોરે ૩ કલાકે આનંદનો ગરબો યોજાયો હતો. જયારે મંગળવારના રોજ સવારે ૮ કલાકે જલારામ બાપાની પૂજા અર્ચના અને ૯ કલાકથી ૧૦ કલાક દરમિયાન બાપાના જન્મોત્સવની ઉજવણી થશે. આ ઉપરાંત ભણશાળી ટ્રસ્ટના સહયોગથી બ્લડ કેમ્પનું પણ આયોજન કરાયું છે. કોટ રોડ પર ભોજન પ્રસાદનું આયોજન છે જેમાં તમામને પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સંતવાણી કાર્યક્રમમાં પ્રવિણ ભગત, હેમંત ચારણ, દક્ષા ચારણ, જયંતિ ઠક્કર, રહીમભાઈ અને ધીરૂભાઈ સહિતના કલાકારો લોકોને ભજન સત્સંગનો રસથાળ પિરસશે. બપોરે ૨.૩૦ કલાકે શોભાયાત્રા નિકળશે. રાત્રે ૯ કલાકે શ્રી રામધૂન પરિવાર દ્વારા સુંદરકાંડના પાઠ યોજાશે.

# ચૂંટણી અધિકારી દ્વારા શ્રી મત અને શ્રી મતી મસ્કોટ રીલીઝ કરાયું

## મત એટલે વોટ અને મતી એટલે બુદ્ધિ

મહેસાણા, તા. ૧૯

ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. જે અંતર્ગત સ્વીપ કાર્યક્રમ દ્વારા વિવિધ રીતે પ્રચાર પ્રસાર કરીને મતદારોને જાગૃત કરવાનો પ્રયાસ શરૂ કરાયો છે.

મહિલા અને પુરૂષ નાગરિકોમાં મતદાન પ્રતિ પુરતી જાગૃતિ આવે એ માટે તથા તેઓ તેમના મતાધિકારનો મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ઉપયોગ કરી શકે એ માટે ચૂંટણી પંચ દ્વારા શ્રી મત અને શ્રી મતી મસ્કોટ રીલીઝ કરવામાં આવ્યું છે.

મતદાન બાદ મતદારોના ડાબા હાથની પ્રથમ આંગળી ઉપર કાળી અવિલોપ્ય શાહીનું ટપકું મુકવામાં આવે છે. આ બાબતને સિંબોલિક સ્વરૂપે શ્રી મત અને શ્રી મતી મસ્કોટ રજુ કરવામાં આવી છે. જેમાં મત એટલે વોટ અને મતી એટલે બુદ્ધિ આ બન્ને બાબતોનું મતદારો સુયોગ્ય સંકલન કરી બુદ્ધિપૂર્વક મતદાન કરે એ મસ્કોટનો મુખ્ય સંદેશ છે.

## પ્રાંતિજ તાલુકાના આમોદરા ચાર રસ્તા પાસે

# પાંચ કરોડના ખર્ચે તૈયાર થયેલા ઉમા વાત્સલ્ય ધામનું ભૂમિપૂજન થશે

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં માનવસેવા સંસ્થા પાટીદાર સેવા સંઘ હિંમતનગર દ્વારા પ્રાંતિજ તાલુકાના રામપુરા-આમોદરા ચોકડી પાસે અંદાજે પાંચેક કરોડના ખર્ચે નિર્માણ પામનાર શ્રી ઉમા વાત્સલ્ય ધામ સંકુલનો શિલાન્યાસ તથા ભૂમિપૂજન કાર્યક્રમ તા. ૨૨ નવેમ્બર ૨૦૧૨ને ગુરુવારના રોજ થનાર છે. આ દિવસે સંતો મહંતોની હાજરીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉમા વાત્સલ્ય ધામમાં ઉમિયા માતા મંદિર, વૃદ્ધાશ્રમ, વિકલાંગ, અંધજન મંદિર, વિવિધ ઉત્પાદન તથા વેચાણ કેન્દ્રો, સંત કુટીર ચિકિત્સાલય, પુસ્તકાલય, ગૌશાળા, ચબૂતરા, શુધ્ધ પાણીની પરબ સહિતની સેવાઓ મુકવામાં આવનવાર છે.

રાજકોટ, મુંબઈ, ચોટીલા ઊંઝા ખાતેથી પણ વિશિષ્ટ મહેમાનો આ પ્રસંગનો લાભલેવા ઉપસ્થિત રહેનાર છે એવા સમાચાર મળ્યા છે.

# પ્રાંતિજના માવાપુરના શખ્સને છ જિલ્લામાંથી ૧ વર્ષ માટે તડીપાર કરાયો

પ્રાંતિજ, તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ન્યાયિક અને શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને અસામાજિક તત્વો દ્વારા કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તે માટે પ્રાંતિજ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા પ્રાંતિજ તાલુકાના માવાપુર ગામના એક શખ્સને ૧ વર્ષ માટે છ જિલ્લામાંથી તડીપાર કરવાનો હૂકમ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાની ચૂંટણીઓની તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે અને કાયદો વ્યવસ્થાની જાળવણીનું સખત આયોજન ગોઠવાઈ રહ્યું છે ત્યારે અસામાજિક તત્વો અને ગુનેગારો દ્વારા કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તેમજ વિધાનસભાની ચૂંટણીઓ ન્યાયિક અને શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે પ્રાંતિજ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ આશાબેન શાહે અસામાજીક તત્વો રીઢા ગુનેગારોને પકડી પાડવાની કામગીરી હાથ ધરી દારૂના અનેક ગુનામાં સંડોવાયેલ માલપુરના નટવરસિંહ રતનસિંહ ઝાલાને સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, પંચમહાલ, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાંથી ૧ વર્ષ માટે તડીપાર કરવાનો હૂકમ કર્યો છે. તેમ નાયબ મામલતદાર જયંતિભાઈ શ્રીમાળીએ જણાવ્યું હતું.

## ચૂંટણી સંબંધી ગેરરીતિઓ અંગે મતદારો

# ટોલ ફ્રી નંબર ઉપર જાણકારી આપી શકશે

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લામાં ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય એ માટે ભારતના ચૂંટણી પંચની સુચનાનુસાર ચૂંટણી સંબંધી ગેરરીતિઓ અંગે ચૂંટણી પંચને જાણકારી આપવા માટે મહેસાણા જિલ્લામાં હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૪૪૪૪ શરૂ કરાયો છે. આ નંબર પર ચૂંટણી સંબંધિત તમામ માહિતીઓ આપી શકાશે. આ ઉપરાંત રાજ્ય સ્તરે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્ટેટ કંટ્રોલરૂમ ૧૮૦૦૨૩૩૧૦૨૭ શરૂ કરાયો છે. આ નંબર પર ચૂંટણી સંબંધિત કોઈ પણ વ્યક્તિ કોઈપણ પ્રકારની લાંચ આપતી હોય અથવા મતદારોને નાણાંકીય વ્યવહારોથી પ્રભાવીત કરવાનો પ્રયાસ કરતી હોય તો તરત નંબર પર સંપર્ક કરી શકાશે.

# રાજકીય પક્ષમાં સામેલ શિક્ષકોને ચૂંટણી કામગીરીમાંથી બાકાત રાખવા અનુરોધ

ઊંઝા, તા. ૧૯

આગામી ડિસેમ્બરમાં ગુજરાત વિધાનસભા યોજાનાર ચૂંટણીને લઈને સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો વિગેરેને ચૂંટણીના કામે સામેલ કરવામાં આવ્યા છે. ત્યારે આમાં સામેલ કરાયેલ કેટલાક શિક્ષકો જેઓ ચોક્કસ રાજકીય પક્ષના સભ્ય બનેલ છે, તેઓને સત્વરે ચૂંટણી કાર્યમાંથી છૂટા કરવા જોઈએ તેવું લોકોમાં ચર્ચાય છે. ઊંઝા વિધાનસભા મત વિસ્તારમાં શાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કેટલાક શિક્ષકો ચોક્કસ રાજકીય પક્ષ સાથે સીધી રીતે સંકળાયેલા છે. જેમને ચૂંટણી કાર્યમાં સામેલ કરાયા છે. જે મુક્ત નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી માટે યોગ્ય નથી. જેથી રાજકીય પક્ષના સભ્ય બન્યા હોય યા રાજકીય પક્ષ સાથે સીધી રીતે સંકળાયેલા હોય તેવા શિક્ષકોને ચૂંટણી કાર્યમાંથી છૂટા કરવા જોઈએ તેવું લોકોમાં બોલાય છે.

## આજે વિઘ્નેશ્વરી પરિવાર દ્વારા ભવ્ય શોભાયાત્રા નિકળશે

માણસા, તા.૧૯

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા પૂજય જલારામ બાપાની જન્મ જયંતિ પ્રસંગે આજે રિદ્રોલ રોડ પર આવેલ મહાકાળી માતાજીના મંદિરેથી ભવ્ય શોભાયાત્રા બપોરે ૨.૦૦ કલાકે નીકળશે.

સાંજે ૫.૦૦ કલાકે આનંદીમાના વડલે શોભાયાત્રા પૂર્ણ થશે. આ પ્રસંગે રાત્રે ૯.૦૦ કલાકે સંતવાણી (ડાયરા)નું તેમજ રાત્રે ૧૨.૦૦ કલાકે મહાઆરતી કરવામાં આવશે. તો સર્વે ધર્મપ્રેમી જનતાનો મહાઆરતી અનો સંતવાણીના કાર્યક્રમમાં પધારવા મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## હિંમતનગરમાં ઈન્દીરા ગાંધીની જન્મ જયંતિ ઉજવાઈ

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે સ્વ. ઈન્દીરા ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કાર્યકરોએ જન્મ જયંતિની ઉજવણી કરી હતી. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, ચંદ્રસિંહ ઝાલા, નિશાર શેખ, રાજુભાઈ રાવલ, મહેશભાઈ પરમાર, કૃપલ રાવલ, રમેશભાઈ વણકર સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અલ્ટ્રાટેક સિમેન્ટ
ઍંજિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KisaN
VINAYAK500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ